


સમગ્ર ગુજરાતના કિસાનોનું પ્રતિનિધિત્વ કરતું એક માત્ર સાપ્તાહિક

# કિસાન સંદેશ

વર્ષ : ૧૯, અંક : ૨૦, સળંગ અંક : ૯૩૬, તારીખ : ૦૯-૧૦-૨૦૧૭, સોમવાર, કિંમત રૂા. ૪-૦૦, મુદ્રક : પ્રકાશક : તંત્રી : લક્ષ્મણભાઈ પટોળીયા, સહતંત્રી : બાબુભાઈ કે. પટેલ
(માલિક : કિસાન સંદેશ પ્રકાશન ટ્રસ્ટ, ગુજરાત પ્રદેશ વતી) ''બલરામ મંદિર પરીસર'', સેક્ટર-૧૨/ડી, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૪૯૧૬
R.N.I. No. 71193/99, Reg. No. GNR 313, Posting Dt. 09/10/2017, RMS G'nagar, Valid up to 31/12/19

## ભારતીય કિસાન સંઘ દ્વારા

# કૃષિમંત્રીશ્રી સમક્ષ રજુ કરાયેલ કિસાનોના પ્રશ્નો અંગે મંત્રીશ્રીની અધ્યક્ષતામાં ઉર્જા, કૃષિ, નાણાં વિભાગના અધિકારીઓની ઉપસ્થિતીમાં બેઠક યોજાઈ

*બેઠકમાં જી.એસ.ટી. પાકવીમા, ઉર્જાના પ્રશ્નો, તારની વાડ, તમામ પાકોનાં ખરીદ કેન્દ્રો સહિતનાં પ્રશ્નની ચર્ચા કરવામાં આવી.*

- જી.એસ.ટી.માં ડ્રીપ ઈરીગેશન અંગે મહત્વપૂર્ણ ચર્ચા બાદ ૧૮ ટકા વધારાનો બોજ રાજ્ય સરકારે ઉઠાવવાની દિશામાં ચર્ચા અને નિર્ણય કરીને મુખ્યમંત્રીશ્રી અને ના. મુખ્યમંત્રી શ્રી સમક્ષ તત્કાલ ફાઈલ મૂકવી તેમજ અન્ય બાબતોમાં લાગુ જી.સ.ટી. અંગે કેન્દ્ર સરકારમાં જી.એસ.ટી. કાઉન્સીલમાં રજુઆત કરવા નિર્ણય.
- પાકવીમો મરજીયાત રાખવા અને પાકવીમા યોજનાની અનેક વિસંગતતાઓ અંગે સંગઠન દ્વારા વિસ્તૃત અહેવાલ રજુ કરવા અને તેની સ્વીકૃતિ સાથે કેન્દ્રમાં રજુઆત કરવા મા. મંત્રીશ્રીની લાગણી.
- **ઉર્જા વિભાગના પ્રશ્નો :**
(૧) સમગ્ર ગુજરાતમાં તત્કાલ આજ (તા. ૪-૧૦-૧૭ થી જ તા. ૨૦-૧૦-૧૭ સુધી) પાકને બચાવવા ૧૦ કલાક વિજળી આપવાનો નિર્ણય. (૨) ૧૨૬/૧૩૫ વીજ અધિનીયમ હેઠળ અપાયેલા કૃષિ વીજગ્રાહકોને દંડનીય બીલો અંગે વર્તમાનમાં ચાલુ કે બંધ હોય તેવા તમામ ગ્રાહકો માટે 'એમ્નેસ્ટી યોજના (વન ટાઈમ સેટલમેન્ટ યોજના') તત્કાલ લાગુ કરવા માટે જરૂરી કાર્યવાહી કરવા નિર્ણય. (૩) ૧૨૬ હેઠળ અપાતાં ચેકીંગના બીલમાં કૃષિવીજ ગ્રાહકો સાથે પૂરી સમજ આપીને અને તેમને રજુઆત કરવાની પૂરી તક આપીને જ આખરી બીલ આપવા અંગે સહમતિ અને ૧૨૬ના બીલોમાં નાયબ ઈજનેરના નિર્ણયના નીચે કેટલા દિવસમાં એપેલેટમાં અપીલ કરી શકાય તેમ જણાવવાનો નિર્દેશ કરવા સહમતી. (૪) સોલર ઉર્જા પંપ માટે લાંબા સમયથી એસ્ટીમેટ ભરેલ ગ્રાહકોની કામગીરી તત્કાલ કરવા નિર્ણય.
- તારની વાડની યોજનામાં ૨૦ હેક્ટરના બ્લોકની મર્યાદાના બદલે ૧૦ હેક્ટરના બ્લોક અંગે નિર્ણય ટૂંકમાં જ પરિપત્ર થવાની પ્રક્રીયામાં.
- મગફળીના ટેકાના ભાવ રૂા. ૯૦૦/- ૨૦ કીલોના ભાવથી ૧૮ જીલ્લામાં પાંચ એજન્સીઓ દ્વારા ૧૦૭ ખરીદ કેન્દ્રો દ્વારા લાભ પાંચમથી ખરીદની શરૂઆત કરવાની તમામ તૈયારીઓ મંજુરી સાથે પૂર્ણ.
- કપાસ, ડાંગર, કઠોળ સહિતમાં પણ ટેકાના ભાવથી જ બજાર નીચે આવે ત્યારે સરકારની ટેકાના ભાવે ખરીદી માટેની પૂર્વ તૈયારી ડાંગરના કેન્દ્રોની શરૂઆત થઈ.
- ઉક્ત તમામ બાબતો અંગે મા. મંત્રીશ્રીએ ગંભીરતાથી તત્કાલ પોતપોતાના વિભાગમાં જરૂરી મંજુરીઓ નાણાં ખાતા વિગેરેની ઔપચારીક્તાઓ પૂર્ણ કરવા તાકીદ કરી સમય મર્યાદામાં કાર્યવાહી કરવા જણાવેલ.
- બેઠકમાં અધિક મુખ્ય સચિવ ઉર્જા શ્રી ગુલાટી સાહેબ, જી. યુ. વી. એન. એલ.ના શ્રી ખ્યાલીયા સાહેબ અને વીજ કંપનીના અધિકારીશ્રીઓ અગ્ર સચિવ કૃષિશ્રી સંજયપ્રસાદ સાહેબ સહિત અન્ય અધિકારીઓ, નાણાંખાતાંના સચિવશ્રીઓ, જી. જી.આર.સી.ના જો. એમ. ડીરેક્ટરશ્રી આર.કે. સુગુર તેમજ નાફેડ, ગુજકોમાસોલ, ગુજકોટ, સાબરડેરી, બનાસડેરી ગુજપ્રો, વિગેરે સંસ્થાના અધિકારીઓ હાજર રહ્યા હતા. ભારતીય કિસાન સંઘ તરફથી પ્રદેશ મહામંત્રીશ્રી બી.કે. પટેલ પણ હાજર રહી જરૂરી સૂચનો રજુઆત કરી હતી.
- ઉક્ત સંપૂર્ણ બેઠકનું સંકલન મા. મંત્રીશ્રી ના અંગત સચિવશ્રી આઈ.એસ.પટેલ, શ્રી જે.કે. પટેલ અને લાયઝન ઓફીસર સી.કે. પટેલે કર્યું હતું.



*કિસાનલક્ષી હકારાત્મક અભિગમ સાથે અનેક બાબતો અંગે તત્કાલ નિર્ણયની દિશામાં કાર્યવાહી કરવા મા. ચીમનભાઈભાઈસાપરીયા કૃષિમંત્રીએ કર્યા નિર્દેશ*

## દિપાવલી વિશેષાંક અંગે

આગામી દિ. ૧૬-૧૦-૨૦૧૭ ને સોમવારનો અંક દિપાવલી અંક તરીકે પ્રસિદ્ધ થશે. જે બે સંયુક્ત અંક હશે અને દિ. ૨૩-૧૦-૨૦૧૭ને સોમવારનો અંક પ્રસિદ્ધ થશે નહિં. દિ. ૩૦-૧૦-૨૦૧૭ને સોમવારથી રાબેતા મુજબ અંક પ્રસિદ્ધ થશે જેની ગ્રાહક વાચકમિત્રોને નોંધ લેવી.

—સંપાદક

# એક્સક્લુઝીવ જનહિતમાં જારી : લોક ઉપયોગી માહિતી, ફોન નંબર - ઈમેલ

ભારતના રાષ્ટ્રપતિ ઈમેલ આઈડી :
presidentofindiairb@nic.in

વડાપ્રધાનને સૂચનો અને ફરિયાદ મોકલાવવાઃ https://mygov.nic.in/
વડાપ્રધાન સરનામું, ફેક્સ નંબર, ઈમેલ :
pmindia@nic.in
To New Delhi,
Pm of India,south Block,
Ricena Hills 1100011
Fax : 0112301955,
Phone : 01123012312
Fax : 01123019545

મુખ્યમંત્રી ગુજરાત રાજ્ય ફેક્સ, ઈમેલ :
cm@gujaratindia.com,
Fax. 07923222101

શિક્ષણ મંત્રી ગુજરાત રાજ્ય
fax 07923251325
min-education@gujarat.gov.in,

Right To Education [ R T E]
www.rtegujarat.org
1800 120 1464

પોલીસ ફરિયાદ લેવાની ના પાડે તો ફોન કરો :
07923251805

ગૃહમંત્રી ગુજરાત રાજ્ય ઈમેલ, ફોન :
min-home@gujarat.gov.in
07923250235,
Education :
www.rtegujarat.gov.in

ગુજરાત રાજ્ય હાઈકોર્ટ ફોન નંબર, ફેક્સ, ઈમેલ :
Fax : 079 27665554
Phone : 079 27662860
gsja_guj@nic.in,rg_hc_guj@nic.in

સુપ્રિમ કોર્ટ નંબર, સરનામું, ઈમેલ :
Supreme Court : New Delhi
Ragestrar, Tilak MARG-110201
Fax : 01123381508,
supreme courts nic.in

ડી.જી.પી. ગુજરાત ફેક્સ, નંબર, ઈમેલ :
dgp@guj.gov.in
fax : 07923246329
સીબીઆઈ નંબર, ઈમેલ :
mo. 9427553186,
email hodacgns@cbi.gov.in,

વિદેશ જવા માટે જાણકારી હેલ્પ લાઈન નંબર :
1800113090,

શિક્ષણ મંત્રી ગુજરાત રાજ્ય :
fax : 07923251325
min-education@gujarat.gov.in,
Right To Education [RTE]
www.rtegujarat.org
1800 120 1464

ગૃહ સચિવ ગુજરાત રાજ્ય :
fax 079-232250501

પાણી પુરવઠા સચિવ ગુજરાત રાજ્ય :
fax 079-23254656

રોડ રસ્તા વિભાગ સચિવ ગુજરાત રાજ્ય :
fax 079-23254772

આર.ટી.આઈ. ઓનલાઈન કરવા માટે :
www.rtionline.gov.in,

અનુ.જાતિ આયોગ દિલ્હી
Anu.jati Aayog
DELHI fax 01120519463
Loknayak Bhavan,
panchavi manzil, New Delhi.
http//ncsc.nic.in

અનુ.જાતિ આયોગ ગુજરાત રાજ્ય :
Fax 07925509762c
Rajubhai parmar
9868181025, 9824989993
Amh.mavlankar Haveli,
Second Floor, VASANT Chowk,
Laal Darvaja, A'bad.

મહિલા આયોગ ગુજરાત રાજ્ય
MAHILA aayog
fax : 07923254823

મહિલા આયોગ દિલ્હી :
DELHI MAHILA Aayog
New Delhi,
Dindayal upadhyay MARG,
Rashtriy MAHILA aayog
NCW pin 110002,

ગુજરાત રાજ્ય રાજ્યપાલ :
fax 07923231121
Rajbhavan, Gandhinagar,

ગુજરાત રાજ્ય માનવઅધિકાર આયોગ :
07923257596,

ગુજરાત રાજ્ય પ્રદુષણને લગતી ફરિયાદ :
Fax 07923222784
Gpcb@gujarat.gov.in,
Chairman :
Gpcb@gujarat.gov.in,

ન્યૂઝ ચેનલ વિરુદ્ધ ફરિયાદ :
https://www.nbanewdelhi.com/
ભારતીય નાગરિક પોતાને લગતા પ્રશ્નો, પોતાની વાત ગમે તે સમયે વડાપ્રધાનને આ સરનામે, નંબર, ફેક્સ, ઈમેલથી કરી શકે છે.
Prime Minister's
Office Address :
152, South Block, Raisina Hill,
New Delhi - 110011
Phone +91-11-23012312,
23018939
Fax +91-11-23016857
Residence Address :-
7, Race Course Road,
New Delhi – 110001
Phone +91-11-23011156,
23016060
Fax +91-11-23018939.

Parliament House
Address :- Room No. 10,
Parliament House,
New Delhi – 110001
Phone +91-11-23017660
Fax +91-11-23017449

Minister of State
(Prime Minister's Office)
Dr. Jitendra Singh
Minister of State
+91 11 23010191
+91 11 23013719
+91 1123017931 (Fax)

**મદદમા આવી શકે તેવા નંબરો :**

- પોલીસ - 100
- આગ - 101
- એમ્બ્યુલન્સ - 102
- એમ્બ્યુલન્સ (Emergency)- 108
- ઓટોરીક્સા તરફથી હેરાનગતી થતી હોય તો ટ્રાફીક પોલીનો નંબર – 1095
- એન્ટી કરપ્શન અંગે ફરિયાદનો નંબર : 180023344444 એનો બીજો નંબર વોટ્સએપ : 9586800870 (આમાં શક્ય હોયતો ઓડિયો, વિડિયો કે ફોટો મોકલવો.)
- આપઘાતના વિચારો આવતા હોય તો તેમ આપઘાત કરશો નહીં તે માટે ૧૦૯૬ નંબર ઉપર ફોન કરો.
- મહિલા હેરાન થતી હો તો નંબર 1019
- વરિષ્ઠ નાગરિકો અને બાળકો અંગે મદદની જરૂરિયાત માટે નંબર 1090
- જો પ્રવાસ દરમિયાન કાંઈ તકલીફ થાય તો નંબર : 9969777888
- આપણી આંખ સામે કાંઈ અજગતુ થતું હોય પરંતુ આપણે આપણી ઓળખ પોલીસને આપવી ન હોય તો આ નંબર 7738133144 અને 7738144144 પોલીસને એસએમએસ કરો, પોલીસ સંભાળી લેશે.
- સાઈબર ગુના માટે નંબર 9820810007
- રેલવે પ્રવાસ દરમિયાન કાંઈ પણ સામાન ખોવાય તો નંબર જોડો 9833331111

# નર્મદા એટલે ગુજરાતની પ્રગતિનું પાણી

એક સમયે સરદાર સરોવર યોજના- નર્મદાના પાણી ગુજરાતને મળશે કે કેમ તેવી કલ્પના અસંભવિત લાગતી હતી પણ આજે એ સ્થિતિ છે કે નર્મદાના પાણી વિના ગુજરાતની પ્રગતિની કલ્પના કરવી પણ મુશ્કેલ છે. ફક્ત ખેતી જ નહીં પીવાના પાણી અને ઉદ્યોગો માટે પણ તે સાચા અર્થમાં જીવાદોરી બની ગઈ છે.

નર્મદા યોજનાના મહત્વના વળાંકો

- ૧૯૪૬ : નર્મદા ખીણની જળસંપત્તિના વિકાસની મોજણી શરૂ
- ૧૯૬૧ : પંડિત જવાહરલાલ નહેરુએ ખાતમુહૂર્ત કર્યુ. ૪૬૦ ફૂટનો બંધ બાંધવાનો નિષ્કર્ષ નીકળ્યો.
- ૧૯૬૮ : ગુજરાતે આંતરરાજ્ય જળ વિવાદ ધારા હેઠળ પંચની માગણી કરી પણ મધ્યપ્રદેશે વિરોધ કર્યો.
- ૧૯૭૮ : ૧૬મી ઓગસ્ટે પંચે ચુકાદો આપ્યો અને ગુજરાતને ૪૫૫ ફૂટની સપાટી સાથે ૪૬૦ ફૂટનો બંધ બાંધવાની મંજૂરી આપી. આ સાથે વર્લ્ડબેંક પાસેથી લોન મેળવવાની કાર્યવાહી શરૂ કરવામાં આવી.
- ૧૯૮૦ : બંધ માટે ખર્ચનો અંદાજ ૩૩૩૩ કરોડનો મુકાયો.
- ૧૯૮૫ : વર્લ્ડબેંકે યોજના માટે ૪૫ કરોડ ડોલરની લોન મંજૂર કરી
- ૧૯૮૬ : નર્મદા બચાવ આંદોલનનો પ્રારંભ થતાં ૪૦ વર્ષથી ડેમની શરૂ થયેલી કામગીરી અટવાઈ.
- ૨૦૦૧ : રાજ્ય સરકાર દ્વારા નર્મદા વિસ્થાપિતોને વસાવવાના પ્રયાસો ઝડપી બનાવાયા.
- ૨૦૦૩ -૨૦૧૦: આ સાત વર્ષ દરમિયાન વિવિધ તબક્કે બંધની ઊંચાઇ વધારવાની મંજૂરી મળતી રહી.

## આ માસનું મોતી

### લક્ષ્મીનો સદુપયોગ

રાજા ભોજ ઘણા ચતુર અને વિદ્વાન હતા. તે હંમેશા ઇચ્છતા કે પોતાના નગરની પ્રત્યેક વ્યક્તિ વિદ્વાન હોય. વિદ્યા માટે રાજા ભોજ હંમેશા ઉદાર રહેતા. પોતાનો ખજાનો વિદ્યાના વિકાસ માટે કોઈપણ સમયે ખુલ્લો રાખતા હતા. આ જોઈને એક દિવસ વજીરને વિચાર આવ્યો કે જો આવું ને આવું ચાલ્યા કરશે તો આ સમૃદ્ધ ખજાનો પણ એક વખત તળિયું બતાવશે ! લક્ષ્મીનો ઉપયોગ વિવેકપૂર્ણ થવો જોઈએ. પણ રાજા ભોજને આ વાત કહેવી કઈ રીતે ? હોશિયાર વજીરે રાજા ભોજના રોજ ફરવા જવાના બગીચામાં એક ભીંત ઉપર સંસ્કૃત પદ્યમાં લખ્યું, 'આફત કાળમાં કામ આવે તે માટે લક્ષ્મીનું એટલે કે ધનનું રક્ષણ કરવું જોઈએ.' ચતુર વિદ્વાન રાજા ભોજ તરત જ સમજી ગયા કે આ વાત પોતાને ઉદ્દેશીને જ લખાઈ છે. તેમને તરત જ પેલી પંક્તિની નીચે જવાબમાં બીજી પંક્તિ લખી : 'લક્ષ્મીનો સદ્‌વ્યય કરનાર સજ્જનને આફત આવે જ શાની ? એટલે કે લક્ષ્મીનો સદુપયોગ કરવાથી સર્વે આફતો ટળે છે.' આ જોઈ વજીરે ત્રીજી પંક્તિ લખી. 'લક્ષ્મી ચંચળ છે એ ગમે ત્યારે નાશ પામી શકે છે, એવે સમયે સંગ્રહ કરેલી લક્ષ્મી જ ઉપયોગમાં કે કામમાં આવે છે !' રાજા ભોજે પણ એનો જવાબ આપતા લખ્યું 'જો લક્ષ્મી ચંચળ જ હોય ને જતી જ રહેવાની હોય તો પછી સંગ્રહ કરેલી લક્ષ્મી પણ શી રીતે ટકશે ?'

વજીરને હવે લાગ્યું કે રાજા ભોજની વાત પોતાની વાત કરતાં વધારે સાચી છે. એ તરત જ રાજા ભોજ પાસે પહોંચી ગયો ને કહ્યું, 'મહારાજ આપ ખરેખર વિદ્વાન અને ચતુર છો. વિદ્યાને મહત્વ આપીને આપ સહુનું કલ્યાણ કરો છો. લક્ષ્મીનો સંગ્રહ આજ સુધી હું અનિવાર્ય સમજતો હતો, પરંતુ હવે લાગે છે કે એનો પરિગ્રહ તો વ્યક્તિની માત્ર પામરતા જ પ્રગટ કરે છે. ખરેખર ! લક્ષ્મીની શોભા તો તેના સદુપયોગમાં રહેલી છે !

- 'ક્ષણે ક્ષણે ચિંતન'માંથી સાભાર

# વસુંધરાની વનસ્પતિઓ

અશોક શેઠ (ભાગ-૨)

आयुर्वेदाय अमृतानाम्

## ખસખસ, અફીણ, પોસ્તડોડા

**વિવિધ નામો :**

સંસ્કૃત : खसतील
અંગ્રેજી : Poppy Seeds
હિન્દી : खसस, पोस्तदाना
લેટિન : Papaver Semnicarum

**ઉત્પત્તિ સ્થાન :**

ખસખસની ઉત્પત્તિ યુરોપ, એશિયા, ઉત્તર આફ્રિકા તેમજ ભારતમાં ખાસ કરીને ઉત્તર પ્રદેશ, બિહાર, બંગાળ, મધ્યપ્રદેશમાં વિશેષ થાય છે.

**પરિચય :**

ખસખસના વર્ષાયુ છોડ થાય છે. જે ત્રણથી ચાર ફૂટની ઉંચાઈવાળા હોય છે. પોષ અગર મહા મહિનામાં ફૂલો આવે છે. ફળોનો આકાર દાડમ જેવો હોય છે. ફૂલોનો રંગ સફેદ તેમજ લાલ રંગનો હોય છે. ફળો સુકાઈ ગયા પછી પીળાશ પડતા રંગના થઈ જાય છે. ફળોની અંદરના બીયાને ખસખસ કહેવામાં આવે છે. ફળોને ચીરા પાડવાથી દૂધ જેવો સફેદ પદાર્થ ઝરે છે. તે જ અફીણ છે. ખસખસ ખૂબ જ પૌષ્ટિક છે. પકવાનોમાં તેનો પુષ્કળ ઉપયોગ થાય છે.

ખસખસનું તેલ નીકળે છે. તે ખાવાના અને બાળવાના કામમાં ઉપયોગી થાય છે. એનો ખોળ ગાય અને ભેંસને ખાવા આપે છે. ખસખસ જેમ તાજી હોય તેમ તેમાંથી તેલ વદારે નીકળે છે, બીજ સારાં હોય તો તેનો ત્રીજો ભાગ તેલ નીકળે છે. આ તેલ તડકે રાખી મૂકવાથી સફેદ, પારદર્શી અને સ્વાદહીણું થાય છે. એ માથે ચોળવાથી ઘેન આવે છે. અને મજ્જા પુષ્ટ થાય છે.



રંગ તૈયાર કરવા પણ આનો ઘણો જ ઉપયોગ થાય છે. ધોળા રંગમાં ખસખસનું તેલ મેળવવાથી સુંદર સફાઈદાર રંગ થાય છે. જે જીંડવામાંથી અફીણ કાઢી લીધેલું નથી હોતું, તેમાંથી ખસખસ કડવી અને કેફી હોય છે તથા તેનું તેલ કાઢવાથી તેમાં પણ એ દોષ આવે છે. બંગાળી ખસખસનું તેલ માળવાની ખસખસના તેલ કરતાં સારું હોય છે અને તેથી જ તે ખાવામાં વધારે વપરાય છે. માળવી તેલ ઘણું કરીને બાળવામાં વપરાય છે. મીણબત્તી, સાબુ વગેરે બનાવવાને પણ આ તેનો ઉપયોગ થાય છે. યુરોપમાં તેલનો રંગ (ઓઈલ પેઈન્ટ્સ) અને વિશેષ કરીને ચિત્રકામના રંગ (આર્ટિસ્ટ કલર્સ) બનાવવામાં અળશી અને બીજાં તેલને બદલે આ તેલનો ઉપયોગ કરે છે. ખસખસનો ખોળ તાજો હોય તો ઘણો મીઠો અને ઢોરોને પુષ્ટિ આપનાર થાય છે. તે જૂનો થવાની તેના પર ફુગ જામે છે અને, તે કડવો લાગે છે તે સ્થિતિમાં ઢોરોને ખાવા આપ્યો હોય તો કંઈક પણ નુકસાન કરે છે.

**ગુણધર્મો :**

ખસખસનો છોડ : ગ્રાહક, ગુરુ, વૃષ્ય, કફપ્રદ, પાકકાળે મધુર, વીર્યપ્રદ, કાંતિકારક તથા બલકર છે અને વાત તથા પિત્તનો નાશ કરનાર છે. ફળ : રૂક્ષ, ગ્રાહક અને રક્તશોધક છે. ફળની છાલ : શીતળ, લઘુ, કડવી, ગ્રાહક, તુરી, વાતકારક, રૂચ્ય, સપ્તધાતુશોધક, પુરુષત્વનાશક, રૂક્ષ, મદકર, અગ્નિવર્ધક અને મોહક છે. ખસખસ : કફકારક, બલ્ય, વૃષ્ય, ગુરુ, મધુર, ગ્રાહક અને વાતનાશક છે.

**ઔષદિ-પ્રયોગ :**

(૧) આમાતિસાર ઉપર : ખસખસ દહીંમાં વાટી પીવી. (૨) બાળકોને આમ પડે છે તે ઉપર : ખસખસનો કંસાર અથવા થૂલું કરી ખવરાવવું. () સાંધા દુખે તે ઉપર : ખસખના (પોસ્તદોડાના) કાઢામાં કલાક - બે કલાક સાંધા શેકવા (૪) સોજો, પેટનું ચડવું અને શરીરમાં વાયુ ભરાયો હોય તે ઉપર : ખસખસનાં ફૂલ અને જીંડવા પાણીમાં ઉકાળી તે પાણીનો શેક કરવો. (૫) પુષ્ટિ અને શક્તિ આવવા માટે : ખસખસ, બદામ અને ચારોળી સમભાગે લઈ બારીક વપાટીને ગાયના દૂધમાં મેળવી ઉકાળી ખીર કરવી. તેમાં ઉતારતી વેળાએ બે તોલા તાજું ઘી અને તેટલી જ સાકર નાંખી તે મળી જાય એટલે બે માસા ગળોનું સત્ત્વ નાખી સેવન કરવું. એ પ્રમાણે સતત કેટલાક દિવસ કરવાથી ઉત્તમ પ્રકારની પૃષ્ટિ પ્રાપ્ત થાય છે. આ ઔષધ શક્તિહીન બાળકોને પણ આપવાને ઘણું ઉત્તમ છે. (૬) દારુણા (કેશમાંહેની જમીન કઠણ થઈ ઝીણી ફોડલીઓ થાય છે તે) રોગ ઉપર : ખસખસ દૂધમાં વાટી માથા ઉપર લેપ કરવો. (૭) બાળકોને માટે શક્તિવર્ધક ખોરાક : ખસખસ ગાયના દૂધમાં બારીક વાટીને તેમાં ત્રીજું દૂધ અને થોડો ગોળ કિંવા સાકર નાખી ઉકાળીને રાબડી તૈયાર કરવી અને સારી રીત ઠંડી થયા પછી ખાંડ નાખવી. આ ખોરાક બે મહિનાથી અધિક વયના બાળકને આપવા યોગ્ય છે અને જે બાળકનો હંગામણનો ઉપદ્રવ હોય તેઓને તો ઘણો જ હિતકારક છે. (૮) અર્ધાંગવાયુ ઉપર : ખસખસનું તેલ કોપરાના તેલ સાથે શરીરે ચોળવું. (૯) દારુણા નામના કપાળરોગ ઉપર : ખસખસ દૂધમાં વાટીને લેપ કરવો.

**માત્રા :**

ખસખસ ૫ થી ૧૦ ગ્રામનું સેવન કરી શકાય

**પ્રસિદ્ધ ઔષધો :**

નોંધ : ખસખસમાં એક જાતનું મીઠુ પીળા રંગનું ગંધરરહિત તેલ હોય છે, જેનાથી ઘેન ચડે છે.


લોક હીતમ્ મમ્ કરણીયમ્

**શ્રી કેશવ કો-ઓપરેટીવ ક્રેડીટ સોસાયટીલી. જૂનાગઢ**

મલ્ટી - ડીસ્ટ્રીક્ટ, ISO 9001-2015 પ્રમાણીત સોસાયટી
રજી. નં. સ/૩૧૧૧/૯૭, તા. તા. ૨૨/૧૦/૧૯૯૭
હેડ ઓફીસ : 'કેશ ભવન', રાણી લક્ષ્મીબાઈ ચોક, સરદારબાગ પાસે, જૂનાગઢ-૩૬૨૦૦૧
ફોન : ૦૨૮૬-૨૬૩૫૭૦૪, ૨૬૩૬૧૬૧. email : keshav.ho.jnd@gmail.com

**— 'કેશવ'નું ધ્યેય' —**

**'વ્યક્તિ ઉત્કર્ષ દ્વારા પરિવાર ઉત્કર્ષ' 'પરિવાર ઉત્કર્ષ દ્વારા ગ્રામ ઉત્કર્ષ' 'ગ્રામ ઉત્કર્ષ દ્વારા રાષ્ટ્ર ઉત્કર્ષ' એટલે કે 'પરમ્ વૈભવમ્ નેતુમ્ એતત્ સ્વરાષ્ટ્રમ્'**

**૩૧ માર્ચ ૨૦૧૭ ના રોજની નાણાકીય સ્થિતી :**

• શેરમૂડી : રૂા. ૧.૯૭ કરોડ • અનામતો : રૂા.૪.૨૩ કરોડ • થાપણો : રૂા. ૫૮.૭૪ કરોડ
• ધિરાણ : રૂા. ૩૯.૫૭ કરોડ • ચોખ્ખો નફો : રૂા. ૧.૪૦ કરોડ • નેટ એન.પી.એ. : 'શૂન્ય'
• સભાસદ સંખ્યા : ૨૫૦૦૦ થી વધારે

**કેશવ દ્વારા સામાજીક સેવાકીય પ્રકલ્પો :**

• શૈક્ષણિક માર્ગદર્શન • કારકીર્દી માર્ગદર્શન • વ્યવસાયી માર્ગદર્શન,
• રાષ્ટ્રી તહેવારોની ઉજવણી • સભાસદ કલ્યાણ યોજના
• ગ્રામીણ વિકાસ પ્રકલ્પ • મહીલા સશક્તિકરણ યોજના

**'કેશવની સિધ્ધીઓ' :**

(૧) ઓગણીસ વર્ષથી સમાજની સેવામાં અવિરત કાર્યરત
(૨) સ્થાપના સમયથી દર વર્ષે સતત ઓડીટ વર્ગ-અ (૩) સભાસદોને મહત્તમ ૧૫ ટકા ડિવીડન્ડ.
(૪) ૨૪ કલાકમાં ધિરાણ (૫) કેશવ દ્વારા ૧૨૪ ગામોમાં ગ્રામીણ વિકાસની પ્રવૃત્તિઓ (૬) બધીજ શાખાઓ 'કોર બેન્કીંગ સિસ્ટમ થી જોડાયેલી' (૭) સાત જિલ્લાઓમાં શાખાઓ ધરાવતી તથા જી ૯૦૦૧:૨૦૧૫ સર્ટીફાઈડ ગુજરાતની પ્રથમ સોસાયટી.

**'કેશવ' વિઝન ૨૦૨૦ :**

(૧) ગુજરાતના દરેક જિલ્લામાં 'કેશવ'ની શાખાઓ શરૂ કરવી. (૨) આગામી ત્રણ વર્ષમાં ગુજરાતના ૧૦૦૦ થી વધારે ગામોમાં ગ્રામીણ વિકાસની કામગીરીનું આયોજન (૩) જ્યાં જ્યાં 'કેશવ' ત્યાં ત્યાં ગ્રામીણ વિકાસ, સ્વાવલંબન અને સમૃદ્ધી.

**કેશવ ક્રેડીટની ૧૪ શાખાઓ તથા ૨ એક્સટેન્શન કાઉન્ટર સાથેનું વિશાળ નેટવર્ક :**

જૂનાગઢ, ઉના, વંથલી, મેંદરડા, કેશોદ, વેરાવળ, માણાવદર, ધોરાજી, ભાયાવદર, અમરેલી, જામ જોધપુર, પોબંદર, ગોંડલ માંગરોળ તથા જૂનાગઢમાં ૨ એક્સટેન્શન કાઉન્ટર

| | | |
|---|---|---|
| **હરસુખભાઈ પંડ્યા** | **નંદકિશોરભાઈ ગરાચ** | **છગનભાઈ પેથાણી** |
| *ચેરમેન* | *વાઈસ ચેરમેન* | *વાઈસ ચેરમેન* |
| **મનહરભાઈ સુચક** | **નરેન્દ્રભાઈ ભુત** | **સમીરભાઈ જોષી** |
| *મેનેજીંગ ડીરેક્ટર* | *જો. મેનેજીંગ ડીરેક્ટર* | *જનરલ મેનેજર* |


# ઋતુ ચર્ચા વિશે જાણીએ...

*પ્રાચીન ઋષિ પરંપરામાં વર્ષભર ઋતુનું સાર પ્રકૃતિના નિયમ મુજબ જે ઋતુ ચર્ચા આલેખવામાં આવી છે તે મુજબ આયુર્વેદ પણ પુષ્ટી કરીને જીવન શૈલી માટે નિર્દેશ કરે છે. વર્ષની ઋતુ રચનામાં મુખ્યત્વે હેમંત / શિશિર / વસંત / ગ્રીષ્મ / વર્ષા અને શરદ એમ છ (૬) ઋતુઓનો ઉલ્લેખ છે. તે પ્રમાણે હાલમાં ચાલી રહેલ શરદ ઋતુની વાત કરીએ તો તેનો સમયગાળો લગભગ - ૨૪ ઓગસ્ટ થી ૨૨ ઓક્ટોબર બતાવેલ છે. જેની સાથે આ દિવસો દરમ્યાન વાતાવરણ પરિસ્થિતી જીવનાનુકૂલ બદલાવ, પથ્ય - અપથ્ય ખોરાક તેના સેવન માટેનો નિર્દેશ વિ. ઋતુ ચર્ચાના ચક્રમાં કરવામાં આવેલ છે તે મુજબ...*



# ટેકાના ભાવો અંગેની જાણકારી – ભારતીય કિસાન સંઘ ગુજરાત પ્રદેશની અસરકારક રજુઆત....

ખાદ્ય એવા તમામ ખેત ઉત્પાદનોના ટેકાના ભાવો કેન્દ્ર સરકારની નીતિનુસાર પ્રથમ તમામ રાજ્યોમાંથી સરકારો દ્વારા પોતપોતાના રાજ્યની કૃષિ ભાવ પંચની સમિતીમાં છેલ્લા વર્ષના ભાવોની તુલનામાં કેટલા ભાવોની વધુ ભલામણો કરવી તે નક્કી કરી તમામ રાજ્યો પોતાની ભલામણો કેન્દ્ર સરકારમાં મોકલે છે.

ત્યાં તમામ રાજ્ય સરકારોના પ્રતિનિધિ અને કેન્દ્ર સરકાર દ્વારા ગઠીત કેન્દ્રનું કૃષિ ભાવ પંચ તમામ ભલામણઓ પરત્વે ચર્ચા કરી દરેક સીઝનમાં પાકનાં વાવેતર કે તે પછી તરત જ ટેકાના ભાવોની જાહેરાત કરી દેવામાં આવે છે. દા.ત. હાલ ખરીફ પાકો માટે ના નક્કી થયેલ ભાવો નીચે મુજબ છે. પત્રકમાં નીચેના ત્રણ રવિ પાકોના ચાલુ સાલના ભાવ નક્કી કરવાની પ્રક્રિયા થશે.

## ખરીફ તથા રવિ પાકોના ટેકા ભાવ તથા બજાર ભાવની વિગતનું પત્રક

| ક્રમ નં. | પાકનું નામ | MSP (MSP+bonus Rs./Quintal | MSP (MSP + Bonuys) Rs./Quintal | મણનો ભાવ (ક્વીન્ટલ) |
|---|---|---|---|---|
| ખરીફ પાક : | | | | |
| | ડાંગર | | | |
| ૧. | કોમન | ૧૪૭૦ | ૧૫૫૦ | ૩૧૦ |
| | ગ્રેડ-એ | ૧૫૧૦ | ૧૫૯૦ | |
| | જુવાર | | | |
| ૨. | હાઈબ્રીડ | ૧૬૨૫ | ૧૭૦૦ | ૩૪૦ |
| | માલડાંડી | ૧૬૫૦ | ૧૭૨૫ | |
| ૩. | બાજરી | ૧૩૩૦ | ૧૪૨૫ | ૨૮૫ |
| ૪. | મકાઈ | ૧૩૬૫ | ૧૪૨૫ | ૨૮૫ |
| ૫. | તુવેર | ૫૦૫૦ | ૫૪૫૦ | ૧૦૯૦ |
| ૬. | મગ | ૫૨૨૫ | ૫૫૭૫ | ૧૧૧૫ |
| ૭. | અડદ | ૫૦૦૦ | ૫૪૦૦ | ૧૦૮૦ |
| ૮. | મગફળી | ૪૨૨૦ | ૪૪૫૦ + ૫૦ બોનસ | ૯૦૦ |
| | | | = ૪૫૦૦ ગુજરાત સરકાર | |
| ૯. | તલ | ૫૦૦૦ | ૫૩૦૦ | |
| ૧૦. | કપાસ | | | |
| | મધ્યમતારી કપાસ | ૩૮૬૦ | ૪૦૨૦ | ૮૦૫ |
| | લંબતારી કપાસ | ૪૧૬૦ | ૪૩૨૦ | ૮૬૪ |
| | સંકર-૬ કપાસ | | ૪૨૭૦ | ૮૫૪ |
| રવિ પાક : | | | | |
| ૧. | ચણા | ૪૦૦૦ | | |
| ૨. | રાયડો | ૩૭૦૦ | | |
| ૩. | ઘઉં | ૧૬૨૫ | | |

### મગફળીની ટેકાના ભાવે ખરીદીના નવા ખરીદ કેન્દ્રની યાદી : વર્ષ ૨૦૧૭-૧૮

| ક્રમ નં. | ખરીદ કરનાર એજન્સી | જિલ્લાનું નામ | ખરીદી કેન્દ્રની સંખ્યા | અ. નં. | ખરીદી કેન્દ્ર |
|---|---|---|---|---|---|
| (૧) | (૨) | (૩) | (૪) | (૫) | (૬) |
| ૧ | ગુજકોટ | રાજકોટ | ૯ | ૧ | રાજકોટ |
| | | | | ૨ | ગોંડલ |
| | | | | ૩ | જામ કંડોરણા |
| | | | | ૪ | ઉપલેટા |
| | | | | ૫ | ધોરાજી |
| | | | | ૬ | જસદણ |
| | | | | ૭ | વિંછીયા |
| | | | | ૮ | જેતપુર |
| | | | | ૯ | પડધરી |

અનુ. સામેના બાજુએ...

| ક્રમ નં. | ખરીદ કરનાર એજન્સી | જિલ્લાનું નામ | ખરીદી કેન્દ્રની સંખ્યા | અ. નં. | ખરીદી કેન્દ્ર |
|---|---|---|---|---|---|
| (૧) | (૨) | (૩) | (૪) | (૫) | (૬) |
| ૧. | ગુજકોટ | મોરબી | ૪ | ૧૦ | હળવદ |
| | | | | ૧૧ | મોરબી |
| | | | | ૧૨ | ટંકારા |
| | | | | ૧૩ | વાંકાનેર |
| | | જામનગર | ૬ | ૧૪ | જામ જોધપુર |
| | | | | ૧૫ | જામનગર |
| | | | | ૧૬ | કાલાવાડ સબયાર્ડ |
| | | | | ૧૭ | લાલપુર |
| | | | | ૧૮ | ધ્રોલ |
| | | | | ૧૯ | જોડીયા |
| | | દેવભુમિ દ્વારકા | ૪ | ૨૦ | ખંભાળિયા |
| | | | | ૨૧ | ભાટીયા |
| | | | | ૨૨ | ભાણવડ |
| | | | | ૨૩ | દ્વારકા |
| | | પોરબંદર | ૨ | ૨૪ | પોરબંદર |
| | | | | ૨૫ | કુતિયાણા |
| | | જુનાગઢ | ૧૦ | ૨૬ | જુનાગઢ |
| | | | | ૨૭ | વિસાવદર |
| | | | | ૨૮ | કેશોદ-૧ |
| | | | | ૨૯ | મેંદરડા |
| | | | | ૩૦ | માંગરોળ-૧ |
| | | | | ૩૧ | માંગરોળ-૨ |
| | | | | ૩૨ | માણાવદર |
| | | | | ૩૩ | કેશોદ-૨ |
| | | | | ૩૪ | માળીયા હાટીના સબયાર્ડ |
| | | | | ૩૫ | ભેંસાણ સબયાર્ડ |
| | | કુલ | ૩૫ | | |
| ૨. | ગુજકોમાસોલ | ભાવનગર | ૫ | ૩૬ | મહુવા |
| | | | | ૩૭ | તળાજા |
| | | | | ૩૮ | પાલીતાણા |
| | | | | ૩૯ | ગારીયાધાર |
| | | અમરેલી | ૧૦ | ૪૦ | શિહોર |
| | | | | ૪૧ | ખાંભા |
| | | | | ૪૨ | સાવરકુંડલા |
| | | | | ૪૩ | અમરેલી |
| | | | | ૪૪ | બાબરા-૧ |

# મગફળીના ખરીદ કેન્દ્રોની યાદી... અનુ. પાના ૪ નું ચાલુ....

| ક્રમ નં. | ખરીદ કરનાર એજન્સી | જિલ્લાનું નામ | ખરીદી કેન્દ્રની સંખ્યા | અ. નં. | ખરીદી કેન્દ્ર |
|---|---|---|---|---|---|
| (૧) | (૨) | (૩) | (૪) | (૫) | (૬) |
| | | | | ૪૫ | બાબરા-૨ |
| | | | | ૪૬. | રાજુલા |
| | | | | ૪૭ | બગસરા |
| | | | | ૪૮ | જાફરાબાદ |
| | | | | ૪૯ | ધારી-૧ |
| | | | | ૫૦ | ધારી-૨ |
| | | | | ૫૧ | વેરાવળ |
| | | | | ૫૨ | કોડીનાર-૧ |
| | | ગીર સોમનાથ | ૬ | ૫૩ | કોડીનાર-૨ |
| | | | | ૫૪ | ગીર ગઢડા |
| | | | | ૫૫ | ઉના |
| | | | | ૫૬ | તલાલા |
| | | બોટાદ | ૨ | ૫૭ | બોટાદ |
| | | | | ૫૮ | ઢસા |
| | | સુરેન્દ્રનગર | ૧ | ૫૯ | ચોટીલા |
| | | કુલ | ૨૪ | | |
| | | પાટણ | ૩ | ૬૦ | સિદ્ધપુર |
| | | | | ૬૧ | હારીજ |
| | | | | ૬૨ | પાટણ |
| | | | | ૬૩ | પાલનપુર |
| | | | | ૬૪ | ડીસા |
| | | બનાસકાંઠા | ૧૮ | ૬૫ | વડગામ |
| ૩. | બનાસડેરી | | | ૬૬ | ધાનેરા-૧ |
| | | | | ૬૭ | ધાનેરા-૨ |
| | | | | ૬૮ | થરાદ |
| | | | | ૬૯ | થરા-૧ |
| | | | | ૭૦ | થરા-૨ |
| | | | | ૭૧ | ઢીમા |
| | | | | ૭૨ | દાંતા |
| | | | | ૭૩ | દાંતીવાડા |
| | | | | ૭૪ | દિયોદર |
| | | | | ૭૫ | લાખણી-૧ અને ૨ |
| | | | | ૭૬ | ભાભર |
| | | | | ૭૭ | રાધનપુર |
| | | | | ૭૮ | ભીલડી |
| | | | | ૭૯ | પાથાવાડા |
| | | | | ૮૦ | અમીરગઢ |
| | | ગાંધીનગર | ૩ | ૮૧ | દેહગામ |
| | | | | ૮૨ | માણસા |
| | | | | ૮૩ | રખિયાલ |
| | | | | ૮૪ | સતલાસણા-૧ |
| | | મહેસાણા | ૫ | ૮૫ | સતલાસણા-૨ |
| | | | | ૮૬ | વિજાપુર |
| | | | | ૮૭ | વિસનગર |

| ક્રમ નં. | ખરીદ કરનાર એજન્સી | જિલ્લાનું નામ | ખરીદી કેન્દ્રની સંખ્યા | અ. નં. | ખરીદી કેન્દ્ર |
|---|---|---|---|---|---|
| (૧) | (૨) | (૩) | (૪) | (૫) | (૬) |
| | | | | ૮૮ | ખેરાલુ |
| | | કુલ | ૨૯ | | |
| | | | | ૮૯ | હિંમતનગર-૧ |
| | | | | ૯૦ | હિંમતનગર-૨ |
| | | સાબરકાંઠા | ૬ | ૯૧ | ઈડર |
| | | | | ૯૨ | ખેડબ્રહ્મા |
| | | | | ૯૩ | વડાલી |
| | | | | ૯૪ | તલોદ |
| ૪. | સાબર ડેરી | | | ૯૫ | મોડાસા |
| | | | | ૯૬ | ટીંટોઈ |
| | | | | ૯૭ | મોડાસા |
| | | અરવલ્લી | ૮ | ૯૮ | ભીલોડા |
| | | | | ૯૯ | બાયડ |
| | | | | ૧૦૦ | ધનસુરા |
| | | | | ૧૦૧ | માલપુર |
| | | કુલ | ૧૪ | ૧૦૨ | મેઘરજ |
| | | | | | |
| ૫. | ગુજપ્રો | | | ૧૦૩ | ભુજ |
| | | કચ્છ | ૫ | ૧૦૪ | અંજાર (દુધઈ) |
| | | | | ૧૦૫ | માંડવી |
| | | | | ૧૦૬ | નલીયા |
| | કુલ | | ૫ | ૧૦૭ | નખત્રાણા |
| | રાજ્યનું કુલ | | ૧૦૭ | | |
| | | | | | |

| ક્રમ | એજન્સીનું નામ | સેન્ટરની સંખ્યા |
|---|---|---|
| ૧. | ગુજકોટ | ૩૫ |
| ૨. | ગુજકોમાસોલ | ૨૪ |
| ૩. | બનાસ ડેરી | ૨૯ |
| ૪. | સાબર ડેરી | ૧૪ |
| ૫ | ગુજપ્રો | ૫ |
| | કુલ | ૧૦૭ |

ગુજરાત રાજ્યની ટેકાના ભાવોની સમિતીમાં શ્રી મગનભાઈ પટેલ (રાષ્ટ્રીય સદસ્ય) હાજર રહી અસરકારક રજુઆત કરતા હોય છે. એટલું જ નહીં. સમગ્ર દેશભરમાંથી ગુજરાત એક માત્ર રાજ્ય એવું છે. જેમાં ભા.કિ. સંઘના પ્રતિનિધિને કેન્દ્રસરકારમાં પણ રજુઆત કરવા તક આપવામાં આવે છે.

દરેક વખતે જ્યારે પણ સરકાર દ્વારા કોઈપણ પાકની ખરીદી અંગે વ્યવસ્થા ગોઠવી કેન્દ્રો વિગેરે જાહેર કરે ત્યારે મિડીયા - પેપરો અને અનેક કિસાનોના વિગેરેને એમ લાગે છે કે સરકારે ટેકાના ભાવો જાહેર કર્યા પરંતુ ખરેખર રાજ્ય સરકાર તો માત્ર ખરીદીની વ્યવસ્થા જ કરે છે. ટેકાના ભાવો તો ઉપર જણાવ્યાનુસારની પ્રક્રિયા મુજબ નક્કી અગાઉથી જ થઈ જતા હોય છે.

## ખેડૂત મિત્રો તમારી ખેતીમાં ભુંડથી નુકસાન થાય છે ઉપાય તરીકે



- ૧ બાજરીનો લોટ ૧ કિલો.
- મોરથૂથૂ ૫૦ ગ્રામ
- છાસ (ખાટી) ૫૦૦ ગ્રામ

આ ત્રણેય વસ્તુ માટલીમાં ભેગી કરી ચાર દિવસ હવા ચુસ્ત રીતે બાંધી દેવી પછી ખેતરમાં અલગ અલગ જગ્યાએ મુકી દેવું.



# આરોગ્ય દાતા દેશી ગાય

## ગૌસત્વના દિવ્ય પ્રયોગો

**શતાયુયોગ :** રોજ વહેલી સવારે ગાયના ૨૦ થી ૩૦ ગ્રામ માખણ કે ઘીમાં ૫ થી ૧૦ ગ્રામ દેશી ગોળ અને ૨ થી ૩ ગ્રામ સુંઠ ઉમેરી હળવું ગરમ કરીને ખાલી પટે ઊભા - ઉભા પીવાથી વાયુ, કબજીયાત, પિત્ત (એસીડીટી), અશક્તિ દૂર થઈ વીર્ય અને શુક્રાણુ વૃદ્ધિ થાય છે. સુંઠ વાત - પિત્ત - કફ, કોલેસ્ટેરોલ મટાડનાર વિશ્વ ઔષધ છે. બાળકથી વૃદ્ધ સૌને કલ્યાણકારી પ્રયોગ છે. આજીવન પ્રયોગથી ૭૫ વર્ષ,નું યૌવન અને શતાયુ પ્રાપ્ત થાય છે.

**શતાયુ યોગ :** રોજ સવાર અથવા સાંજે તરતના દોહેલા ૨૦૦ થી ૫૦૦ ગ્રામ ધારોષ્ણ દૂધમાં ૧૦ ગ્રામ ઘી ઉમેરી પીવાથી ૭૫ વર્ષનું યૌવન અને શતાયુ પ્રાપ્તિ થાય છે.

**મંદાગ્નીમુક્તિ :** રોજ સવારે ખાલી પેટે ૨૦૦ થી ૩૦૦ ગ્રામ ગાયની તાજી છાસમાં બેથી પાંચ ગ્રામ ચિત્રક અથવા સુંઠ ઉમેરી પીવાથી છ માસમાં મંદાગ્ની દૂર થઈ આંતરડા સશક્ત થાય છે. આજીવન આ પ્રયોગથી આંતરડા પાચનચંત્ર, તંદુરસ્તી, કાર્યરત રહે છે.

**દિવ્ય પુરુષત્વ યોગ :** કૌંચા, શતાવરી, ભાંગરો અને સફેદ મુસળી ૧૦૦-૧૦૦ ગ્રામ લઈ પાવડર મીક્ષ કરીને રોજ સવાર - સાંજ ૨૦૦ થી ૩૦૦ ગ્રામ ગાયના તાજા દૂધમાં ૧૦ ગ્રામ આ પાવડર અને ૨૦ ગ્રામ મધ મીક્ષ કરીને પીવાથી શુક્રાણુ - વીર્યની ખૂબ વૃદ્ધિ થઈને પ્રચંડ પુરુષત્વ પ્રાપ્ત થાય છે.

**સ્તંભન યોગ :** દેશી ગાયના ૧૦૦ થી ૨૦૦ ગ્રામ હુંફાળા દૂધમાં ૫ ગ્રામ સાકર, ૫ ગ્રામ અશેળિયો પાવડર ઉમેરી રાત્રે સુતી વખતે પીવાથી શીઘ્ર વીર્ય સ્ખલનની સમસ્યા દૂર થાય છે.

**દિવ્યજીવન યોગ :** ૧૦ ગ્રામ ગાયનું ઘી, ૫ ગ્રામ મધ અને ૩ થી ૫ ગ્રામ ત્રિફળા ચૂર્ણ મીક્ષ કરીને રોજ સુતી વખતે લેવાથી વાત, પીત્ત, કફના કોઈ રોગ થતા નથી. લાંબુ યૌવન અને ૧૦૦ વર્,નું નિરોગી, કાર્યરત વિનનો આ રામબાણ પ્રયોગ છે.

**નવનીત યોગ :** ૨૦ થી ૫૦ ગ્રામ ગાયનું માખણ અને તેમાં ૧૦ થી ૨૦ ગ્રામ મધ મીક્ષ કરી રોજ સવારે લેવાથી બાળકથી પ્રૌઢને પગના નખથી માથાના વાળ સુધીના અનેક રોગો મટે છે. શરીર વજસમાન થાય છે. આજીવન આ પ્રોયગ કવાથી ૧૦૦ વર્ષનું કાર્યરત જીવન પ્રાપ્ત થાય છે.

**કાયાકલ્પ યોગ :** રોજ સવારે ધાવતી વાછરડીનું ૧૦૦ ગ્રામ ગોમૂત્ર અને રોજ સાંજે ધારોષ્ણ દૂધમાં ૧૦ ગ્રામ ગાયનું ઘી ઉમેરી ૩ થી ૬ માસ પીવાથી અનેક રોગોથી મુક્તિ મળે છે. શરીર ઝેર અને હાનિકારક તત્વોથી મુક્ત થાય છે. શરીરમાં સુવર્ણ, ચાંદી સહિત અનેક તત્વોની ઉણપ દૂર થાય છે. લોહીની વૃદ્ધિ થઈને કાયાકલ્પ થાય છે.

**ફળધૃત :** જાણકાર વૈદે બનાવેલ ફળધૃત સગર્ભાએ રોજ સવાર, સાંજ ૧૦-૧૦ ગ્રામ લેવાથી બાળકને શ્રેષ્ઠત્તમ પોષણ મળે છે. ગર્ભ પોષણનો આ સૌથી શ્રેષ્ઠ પ્રયોગ છે. ફળધૃત અથવા માલકાંકણી ધૃતના સગર્ભાએ નિયમિત સેવનથી પ્રાણવાન સંતાન જન્મે છે.

**પંચગવ્ય ધૃત :** યુવાન તંદુરસ્ત ગાયનું દૂધ, દહીં, ઘી, ગોમૂત્ર અને તાજા છાણનો રસ એક - એક કિલો લઈ ઘીમાં તાપે ઉકાળીને ઠંડુ થયે ગાળીને નબાવેલ પંચગવ્ય ધૃત રોજ સવાર - સાંજ ૧૦-૧૦ ગ્રામ છ માસ લેવાથી શરીરના વાત - પિત્ત - કફ જન્ય તમામ રોગ મટે છે. શરીરની સાત ધાતુ અને ૨૦ ગુણોનું સંતુલન થાય છે. કાયાકલ્પનો આ સૌથી શ્રેષ્ઠ પ્રયોગ છે, મટે છે. શરીરની સાત ધાતુ અને ૨૦ ગુણોનું સંતુલન થાય છે. કાયાકલ્પનો આ સૌથી શ્રેષ્ઠ પ્રયોગ છે.

**મેદમુક્તિ :** રોજ સવારે તરત આપેલા હુંફાળા ૧૦૦ થી ૧૫૦ ગ્રામ તાજા ગોમૂત્ર પીવું ઉપર એક ગ્લાસ ગરમ પાણી પીવું. બપોરે અને સાંજે હળવો અને અલ્પ આહાર લેવો. ૩ થી ૬ માસના પ્રયોગથી મેદ અવશ્ય ઘટે છે. શરીર સપ્રમાણ થાય છે.

**વજનવૃદ્ધિ :** ગાયના ૨૦૦ ગ્રામ દૂધમાં અશ્વગંધા અને શતાવરી પાવડર ૫-૫ ગ્રામ અને થોડી સાકર ઉમેરી હુંફાળુ દૂધ પીવાથી દૂબળા - અશક્ત શરીરવાળાને વજન વૃદ્ધિ થઈ સપ્રમાણ શરીર થાય છે.

**કોલેસ્ટેરોલ મુક્તિ :** ગાયના દૂધમાં અર્જૂન, સુંઠ અને હળદર પાવડર ૫-૫ ગ્રામ ઉમેરી રોજ સવારે કે સાંજે છ માસ પીવાથી કોલેસ્ટેરોલ અવશ્ય ઘટે છે.

**ઉંચાઈ વૃદ્ધિ :** માતાના ગર્ભથી ૧૨ વર્ષ સુધી ગાયના દૂધ, માખણના સેવનથી અવશ્ય ઉંચાઈ વધે છે.

**શ્વાસમુક્તિ :** ૨૦ થી ૨૫ ગ્રામ અરડુસીના પાનો રસ, ૨૫ ગ્રામ મધ અને ૫૦ થી ૧૦૦ ગ્રામ ધાવતી વાછરડીનું ગોમૂત્ર મીક્ષ કરી રોજ સવારે ખાલી પેટે ૬ માસ પીવાથી બાળકથી પ્રૌઢ સુધીનાને દમ - શ્વાસ, કફ સંપૂર્ણ મટે છે. અને વૃદ્ધોને પણ ખૂબ રાહત થાય છે.

**મેથીપાક :** ૫૦૦ ગ્રામ દળેલી મેથી અને ૫૦૦ ગ્રામ ઘઉંના લોટને એક કિલો ઘીમાં ધીમા તાપે શેકવાં. લોટ ગુલાબી થાય એટલે નીચે ઉતારી ૧૦ મીનીટ પછી ૬૦૦ ગ્રામ કેમિકલ વગરનો દેશી ગોળ, ૫૦ ગ્રામ સુંઠ, ૫૦ ગ્રામ પીપરીમુળ પાવડર અને ૨૦૦ ગ્રામ ઘીમાં તળેલો ગુંદર મીક્ષ કરીને લાડુ વાળવા. રોડ વહેલી સવારે ૫૦ થી ૭૫ ગ્રામ ગોમૂત્ર અથવા ૨૦ ગ્રામ ગોમૂત્ર અર્ક પાણી સાથે પીવું અને એક કલાક પછી સવારે રોજ આ લાડુ ખાવાથી કમ દર્દ, હાડકાનો દુખાવો, સાયટિકા અવશ્ય મટે છે.

**શરદપૂર્ણિમા ખીર :** ૧ લીટર દેશી ગાયનું દૂધ, ૨૦૦ ગ્રામ દેશી ચોખા, ૨૦૦ ગ્રામ સાકર, ૧૦ ગ્રામ એલચી, ૧૦ ગ્રામ તજ, ૧૦ ગ્રામ જાવંત્રી અને ૧૦ ગ્રામ પીપળાના મૂળની આંતર છાલનો પાવડર લેવા. ચંદ્રોદય થાય એટલે ચંદ્રના પ્રકાશમાં ચુલા પર માટી, પિત્તળ કે સ્ટીલના વાસણમાં દૂધ ગરમ કરવું પછી તેમાં પાણીથી ધોઈને ચોખા, સાકર ઉમેરવા. ચોખા સંપૂર્ણ પાકી જાય એટલે નીચે ઉતારી, ચારેય ઔષધનો પાવડર મિક્ષ કરવો. ખીરને પહોળા વાસણમાં ચંદ્ર પ્રકાશમાંરહેવા દેવી જેથી ચંદ્રમાનું અમૃત તેમાં ઉતરે છે. રાત્રે ૧૨ વાગ્યા પછી ખાવાથી પિત્ત, શ્વાસરોગ મટે છે. શરદપૂર્ણિમા ખીર આરોગ્યનું અમૃત છે.

સવારમાં તાજુ માખળ અને મધ બાળકો - યુવાનોને રોગપ્રતિકારક શક્તિ, બળ અને બુદ્ધિ બધારનાર સર્વશ્રેષ્ઠ પોષક પદાર્થ છે.

સવારે ગાયના દૂધમાં કે ચામાં ગાયનું ઘી નાંખી પીવાથી વાયુ - કબજીયાત, ચરબી, કોલેસ્ટેરોલમાં અસંખ્ય લોકોને ફાયદા થયાં છે. ચાથી મંદાગ્નિ - કબજિયાત અને પેટની ગરમી થાય છે. આથી ચા ન પીવી સારી. ચામાં ઘી ઉમેરવાથી ચાની ગરમી - હાનિ ઓછા થાય છે. ચા દિવસમાં બેથી વધુ વખત પીવાથી પાચનતંત્ર, યૌવન, આયુષ્યને ખૂબ હાનિ થાય છે.

સવારે ભોજનમાં ગાયનું દહીં ઉત્તમ છે. દહીંમાં માખણ - ઘી ઉમેરીને લેવાથી ગુણવૃદ્ધિ થાય છે. દહીંમાં કાળા મરી - સિંધાલુણ ઉમેરી લેવાથી દહીં વધુ ગુણકારી અને સ્વાદિષ્ટ થાય છે.

બપોરના ભોજન પછી ગાયની છાસ પીવાથી ખોરાકનું શ્રેષ્ઠ પાચન થાય છે અને તરસ છિપાય છે. ફ્રીઝની ઠંડી છાસથી પાચન મંદ થાય છે. આથી સામાન્ય તાપમાનની તાજી છાસ જ પીવી.

સાંજે રોટલા, રોટલી, ભાખરી સાથે હંમેશા ગાયનું દૂધ જ લેવું. શાક ખાવાથી જરૂરિયાત જણાય તો તાંદળજો, પાલક, મેથી, સાટોડી, ખરખોડી વગેરે ભાજી કે લાંબા વેલાવાળા શાક પરવળ, દૂધી, ગલકાં, તૂરિયાં, કારેલા, કોળું, કંટોલાનું શાક લઈ શકાય. સાંજે દૂધ સાથે ટમેટા - ફળો, કાકડી, ચીભડા કે કોઈ ખટાશ લેવી નહીં. સાંજે જમ્યા પછી બજારનો આઈસ્ક્રીમ ફળો કે કાંઈ પણ ખાવું હાનિકારક છે. માત્ર હુંફાળું ધૂધ જ ગુણકારી છે. દૂધ, દહીં, ઘી, માખણષ છાસ પાચનશક્તિ, ઉંમર, પરિશ્રમ અને શરીરને જરૂરિયાત પ્રમાણે જ લેવા. જરૂરીયાતથી વધુ લેવાથી અપચો થાય છે. અથવા વજન વધે છે.

**મસાલા દૂધ :** ગાયના દૂધમાં સાકર તેમજ આદુ, સુંઠ, કેસર, જાવંત્રી, જાયફળ કે એલચી ઉમેરી ઉકાળેલું ગરમ દૂધ પીવાથી શારીરિક - માનસિક થાક તરત ઉતરી જાય છે. આ દૂધ પૂર્ણ તૃપ્તિદાયક છે.

જેને દૂધ પીવાથી વાયુ થતું હોય, તેણે પ્રથમ આયુર્વેદની સારવાર કે પંચકર્મથી શરીર શુદ્ધ કરાવવું. પછી દૂધમાં આદુ કે સુંઠ ઉમેરી, ઉકાળીને ઠંડુ થયે એ દૂધ લેવું હિતાવહ છે.

રોજ સવારે આંગળીનાં બે ટેરવા ઓગળેલા ઘીમાં બોલીને બન્ને નસકોરામાં ફેરવી દેવાથી શ્વાસથી શરીરમાં પ્રવેશતા વાયરસ - બેક્ટેરિયા મરી જાય છે. અનેક રોગોથી બચી શકાય છે. ઘીની સુગંધ પ્રસન્નતા આપે છે.

માથામાં, કપાળે ગાયના ઘીનું પાંચ - સાત મિનિટ માલિશ કરવાથી માથાનો ભાયનક દુખાવો તરત મટે છે.

**ગોસંજીવની :** જે મનુષ્ય હાથ, પગ, આંખ, કાન, ગળું વગેરે ઈન્દ્રિયોની નબળાઈથી પીડાતા હોય, જેની ત્વચા, ચહેરો નિસ્તેજ હોય, જે વ્યાયામ, પરિશ્રમ, ગાયન, અધ્યયન, બોલવું, દોડવું કે ચાલવાથી થાકેલા હોય, અકસ્માત કે મારાથી જેનાં શરીર કે અંગો પિસાઈ કે તૂટી ગયા હોય, નાડીઓ, સાંધા, સ્નાયુ ખલી ગયા હોય, જેનાં અંગોમાં કાયમી દૂખાવો થતો હોય, જે હાડપિંજર જેવા દૂબળા હોય, જે અતિભૂખ, અતિગરમી, અતિઠંડી, શરીરની બળતરા, કે ભયંકર કબજિયાતથી પીડાતા હોય, જે પુરુષમાં શુક્રાણુની અલ્પતા હોય અને જાતીયશક્તિ અલ્પ હોય, જે સ્ત્રીને ધાવણની અલ્પતા - સંતાનોની અલ્પતા કે વંધ્યત્વ હોય, જે બાળક ઊંઘતું ના હોય અને અતિ રડતુ હોય, જે અન્ય ઔષધની આડઅસરથી પીડાતા હોય, જેની શરીરશક્તિ, માનસિકશક્તિ, બુદ્ધિશક્તિ, યાદશક્તિ અને હૃદયશક્તિ ક્ષીણ થઈ ગઈ હોય, તેણે ગાયના તાજા દૂધમાં ગાયનું ઘી, સાકર, સુંઠ ઉમેરી ઉકાળી, આ હૂંફળા દૂધના નિત્ય સેવનથી ઉપરના રોગોથી અવશ્ય મુક્તિ મળે છે. શરીર, મન, બુદ્ધિ અને હૃદય બળવાન થાય છે. ભારત અને વિશ્વની પ્રજાએ ચા, કોફી અને ઝેર, કેમિકલ, રંગવાળા કૃત્રિમ પીણાં જેવા ભયાનક હાનિકારક પીણાં છોડી ગોસંજીવની પીવું. અતિથિના સ્વાગત માટે આ સર્વશ્રેષ્ટ પીણું છે. રોજ સવારે કે રાત્રે સુતી વખતે ગોસંજીવનીનું સેવન અમૃત રસાયન પ્રયોગ છે. ગોસંજીવનીના નિત્ય સેવનથી મનુષ્ય પ્રાણવાન બને છે અને તેને પ્રાણવાન સંતાનોની પ્રાપ્તિ થાય છે.

ક્રમશઃ

## CCI એક સપ્તાહમાં પંજાબ માંથી કપાસની ખરીદી શરૂ કરશે

સીસીઆઈ (કોટન કોર્પોરેશન ઑફ ઈન્ડિયા) આગામી એક સપ્તાહની અંદર પંજાબ રાજ્યમાંથી કપાસની ખરીદી શરૂ કરશે. પ્રાપ્ત માહિતી પ્રમાણે પંજાબમાં કપાસની આવકો શરૂ થઈ ગઈ છે અને સીસીઆઈ દ્વારા જલદીથી ટેકાના ભાવે ખરીદી થાય એવી માંગ પ્રબળ બની છે. સીસીઆઈના ઉચ્ચ અધિકારીઓએ આ મુદ્દે પંજાબ સરકારને ખાતરી આપી છે કે એક સપ્તાહમાં કપાસની ખરીદીની



શરૂઆત થઈ જશે. કેન્દ્ર સરકારે વર્ષ ૨૦૧૭-૧૮ માટે કપાસના ટેકાના ભાવ રૂા. ૪૩૨૦ પ્રતિ ક્વિન્ટલ એટલે કે રૂા. ૮૬૪ પ્રતિમણ નક્કી કર્યા છે. જેમાં વિવિધ રાજ્યોની સરકારો દ્વારા વધારાનું બોનસ આપાય છે. ગુજરાતમાં પણ સરકાર આ વર્ષે કપાસ પર બોનસ જાહેર કરે એવી શક્યતા છે. જોકે, ખેડૂતોને કપાસના પ્રતિમણ રૂા. ૧૦૦૦ થી ઉપરના ભાવ મળે તો જ કપાસની ખેતી આર્થિક રીતે પોષાય એમ છે.

## વિશ્વમાં આ વર્ષે કપાસનું ઉત્પાદન ૧૦ ટકા વધશે : આઈસીએસી

વિશ્વમાં આ વર્ષે કપાસનું ઉત્પાદન ૧૦ ટકા વધશે એવો અંદાજ ICAC (ઈન્ટરનેશનલ કોટન એડવાઈઝરી કમિટિ) દ્વારા લગાવવામાં આવ્યો છે. ગત વર્ષે વિશ્વમાં ૨૩૦ લાખ ટન કપાસનું ઉત્પાદન થયુ હતું. આ વર્ષે આ આંકડો વધીને ૨૫૪લ લાખ ટનની સપાટીએ પહોંચે એવી શક્યતા છે. ICAC પ્રમાણએ સમગ્ર વિશ્વમાં આ વર્ષે કપાસના વાવેતર વિસ્તારમાં ૩૦ લાખ હેક્ટરનો વધારો થયો છે અને કુલ વાવેતર ૩૨૦ લાખ હેક્ટરની સપાટીએ પહોંચ્યુ છે. આ કારણે સીધી રીતે જ વાવેતર વધતા ઉત્પાદન વધશે. જ્યારે કપાસની માંગ ૨.૭ ટકા વધીને ૨૫૨ લાખ ટન રહેવાનો અંદાજ ICAC દ્વારા લગાવવામાં આવ્યો છે. ચીન, ભારત અને અમેરિકા વિશ્વના મુખ્ય ત્રણ કપાસ ઉત્પાદક દેશો છે. જેમા આ વર્ષે પણ કપાસમાં અમેરિકા વિશ્વનો સૌથી મોટો નિકાસકાર અને બાંગ્લાદેશ સૌથી મોટો આયાત કરનાર દેશ રહેશે. કપાસની બજાર પર આંતરરાષ્ટ્રીય પરિબળોની સૌથી વધુ અસર જોવા મળે છે. દર વર્ષની જેમ આ વર્ષે પણ ગુજરાતમાં સીસીઆઈ દ્વારા ટેકાના ભાવે ખરીદી આવનાર દિવસોમાં શરૂ થશે. જેમાં ચૂંટણીનું વર્ષ હોવાથી ગુજરાત સરકાર પોતાના તરથી વધારનાનું બોનસ પણ ખેડૂતોને આપે એવી શક્યતા છે.

# સંક્ષિપ્ત સમાચાર

સૌજન્ય : એગ્રી સાયન્સ

## પાક વીમા બાબતે હાઈકોર્ટે ગુજરાત સરકારને નોટીસ પાઠવી

સરકારની મહત્વકાંક્ષી પાક વીમા યોજના યોગ્ય અમલવારીના અભાવે વિવાદોમાં સપડાઈ છે. પાક વીમાનું વળતર ન મળતું હોવાના મુદ્દે ગુજરાત હાઈકોર્ટમાં ખેડૂત મંડળી દ્વારા જાહેરહિતની અરજી થયેલી છે. આ અરજીમાં જણાવાયુ છે કે, બેંક જ્યારે ધિરાણ આપે છે. ત્યારે પાક



વીમાનું પ્રિમિયમ સીધુ ખેડૂતના ખાતામાંથી ઉધારી લેશે. આ બાદ કોઈ કારણોસર ખેડૂતના પાકને નુકસાન થાય તો એનો સમયસર સર્વે થતો નથી. જ્યાં સુધી સર્વે ન થાય ત્યાં સુધી ખેડૂતો બીજો પાક પણ લઈ શકતા નથી. નામદાર હાઈકોર્ટે આ મુદ્દે રાજ્ય સરકાર અને અન્ય સંબંધિત પક્ષોને નોટિસ પાઠવી છે અને આગામી મુદતે જવાબ રજુ કરવા આદેશ આપ્યો છે. પાક વીમા બાબતે હજુ ખેડૂતોને પુરતી માહિતી મળી નથી. પાક વીમાનું પ્રિમિયમ સીધુ જ ઉધારી લેવાતુ હોવાથી ઘણાં ખેડૂતોને તો તેઓ પાક વીમા હેઠળ આવરી લેવાયા છે એ બાબતની પણ જાણકારી નથી. પૈસા બંકો ઉધારે છે. જ્યારે સર્વે વીમા કંપનીઓ કરે છે. સરકારે આ યોજના જાહેર કરી ત્યારે ખેડૂતો ઘણા વચનો આપ્યા હતા. જોકે, યોગ્ય અમલવારીના અભાવે આ યોજનાનો જોઈએ એટલો લાભ ખેડૂતોને મળ્યો નથી.

## રાજસ્થાનમાં જમીન બચાવવા ખેડૂતોનો 'સમાધિ સત્યાગ્રહ'

રાજસ્થાનમાં જયપુરની નજીક નીંદડ ગામના ખેડૂતો હાલ 'જમીન સમાધિ સત્યાગ્રહ' કરી રહ્યા છે. આ ગામની ખેતી લાયક જમીન જયપુર ડેવલોપમેન્ટ ઓથોરિટી દ્વારા હાઉસીંગ પ્રોજેક્ટ બનાવવામાં આવનાર છે. આ માટે અંદાજે ૧૩૦૦ વીઘા જમીનનું અધિગ્રહણ થશે. આ અધિગ્રહણનો વિરોધ નીંદડ ગામના ખેડૂતો કરી રહ્યા છે. ગત તા. ૨ ઓક્ટોબરથી ખેડૂતોએ 'જમીન સમાધિ સત્યાગ્રહ'ની શરૂઆત કરી છે. જેમાં જમીનના ખાડો ખોદીને ખેડૂતો એમાં બેસીને વિરોધ કરી રહ્યા છે. મહિલાઓ પણ મોટા પ્રમાણમાં 'જમીન સમાધિ સત્યાગ્રહ'નો ભાગ બની રહી છે. મકાન, રોડ સહિતના કામો માટે હવે દરેગક નાના - મોટા શહેરોમાં ખેતી લાયક જમીનનો ઉપયોગ થઈ રહ્યો છે. આ કારમએ ખેતી લાયક જમીન ઘટી રહી છે અને ગામડામાંથી શહેરો તરફથી સ્થળાંતર વધી રહ્યું છે. ખેતી અને ગામડાંને જીવંત રાખવા માટે આ રીતે થતુ અધિગ્રહણ અટકે, એ જરૂરી છે.

## ગુજકોમાસોલે સીંગતેલ બજારમાં ઉતાર્યુ : ખેડૂતોને ફાયદો થશે ?

સહકારી સંસ્થા ગુજકોમાસોલ (ગુજરાત સ્ટેટ કો-ઓપરેટીવ માર્કેટીંગ ફેડરેશન લી.) દ્વારા સીંગતેલ બજારમાં ઉતારવામાં આવ્યું છે. મંગળવારે અમરેલી ખાતે ગુજકોમાસોલના ચેરમેન દિલીપભાઈ સંઘાણી, રાજ્યકક્ષાના કેન્દ્રિય કૃષિ મંત્રી પુરષોત્તમ રૂપાલા સહિતના નેતાઓએ આ સીંગતેલને લોન્ચ કર્યુ હતું. ગુજકોમાસોલ પાસે રાજ્યમાં ૧૦ થી વધુ ઓઈલ મીલો છે. જોકે, આ તમામ ઓઈલ મીલો બંધ



હતી. આ ઓઈલ મીલોને ફરીથી ધમધમતી કરવાનું આયોજન થયુ છે. સીંગતેલ બનાવવા માટેની મગફળી સીધી ખેડૂતો પાસેથી ખરીદવાની વાતો ચાલી રહી છે. મગફળીની સિઝન શરૂ થઈ ગઈ છે. આથી ખરેખર ગુજકોમાસોલ ખેડૂતોને ફાયદો કરાવવા ઈચ્છે તો હાલ ખરીદીના શ્રી ગણેશ કરી દેવા જોઈએ. આગામી સમયમાં કપાસનું વધુ ઉત્પાદન થતુ હોય એવા વિસ્તારોમાં ગુજકોમાસોલ દ્વારા જીનીંગ મિલો પણ શરૂ કરવામાં આવશે એવી જાહેરાત થઈ છે.

## પાક વીમા યોજનાની ખામીઓ બાબતે ખેડૂતોમાં વધતો આક્રોશ

સરકારની મહત્વકાંક્ષી પ્રધાનમંત્રી પાક વીમા યોનજાની અણલવારીમાં દેશભરમાં અનેક ખામીઓ સામે આવી રહી છે. આ યોજના કાગળ પર સરસ છે પણ વાસ્તવિક અમલવારીમાં ખેરખર ખેડૂતોને વીમા યોજનાનો જોઈએ એવો લાભ મળ્યો નથી. સોમવારે જૂનાગઢ જિલ્લાના કેશોદ ખાતે હજારોની સંખ્યામાં ખેડૂતો રસ્તા પર ઉતરી આવ્યા હતા. આ વિસ્તારના ઘણાં ગામોને પાક




વીમાના લાભથી વંચિત રાખ્યા હોવાના આક્રોશ સાથે ખેડૂતોએ રસ્તા પર ચક્કાજામ કરીને પોતાનો રોષ વ્યક્ત કર્યો હતો. જેમાં પોલીસ દ્વારા અનેક લોકોની અટકાયત થઈ હતી. આ એક માત્ર કેશોદનો પ્રશ્ન નથી પણ સમગ્ર દેશમાં આ યોજનાની સામે ખેડૂતો સવાલ ઉઠાવી રહ્યા છે. પાક ધિરાણ લેનાર ખેડૂતોનું પ્રિમિયમ સીધુ જ ઉધારી લેવામાં આવે છે. જ્યારે વળતર ચુકવવામાં વીમા કંપનીઓ અને તંત્ર અનેક પ્રકારે બેદરકારી કરતા હોવાના બનાવો બહાર આવી રહ્યા છે.

## ઝટકા મશીમાં સબસીડી સહાય આપવા ખેડૂતોની માંગ

ગુજરાત સરકાર દ્વારા હાલ વિવિધ પ્રકારના કૃષિ સાધનો પર અલગ અલગ ધોરણ પ્રમાણે સબસીડી સહાય આપવામાં આવે છે. જોકે, કૃષિ પાકોના રક્ષણ માટે વપરાતા ઝટકા મશીનમાં હજુ સબસીડી મળતી નથી. હવે ઝટકા મશીનને પણ



સબસીડીમાં આવરી લેવાની માંગ ખેડૂતો દ્વારા ઉભી થઈ છે. ખેતીમાં નીલગાય, ભૂંડ સહિતના પ્રાણીઓનો ત્રાસ વધતા હાલ ઝટકા મશીનની માંગ સતત વધી રહી છે. હાલ સારી ગુણવત્તાવાળા ઝટકા મશીનની કિંમત રૂા. ૧૨ હજાર થી લઈને રૂા. ૨૫ હજાર થવા જાય છે. પ્રાપ્ત માહિતી પ્રમાણે ગુજરાતમાં હજારોની સંખ્યામાં ઝટકા મશીનનું વેચાણ થઈ રહ્યું છે. સબસીડી આપવામાં આવે તો મોટા પ્રમાણમાં એનો લાભ ખેડૂતોને મળે. આ અંગે હળવદના ખેડૂત પ્રવિણભાઈએ જણાવ્યું કે સાદી બે તારની વાડ દ્વારા ભૂંડને રોકવું હોયતો ઝટકા મશીન લગાવવું જરૂરી બની જાય છે. નાનાથી લઈને મોટા ખેડૂતો હાલ ઝટકા મશીનનો ઉપયોગ કરી રહ્યા છે.આથી સરકારે અન્ય કૃષિ સાધનોની જેમ હવે ઝટકા મશીનમાં પણ સબસીડી આપવી જોઈએ.





'કિસાન સંદેશ'
સાપ્તાહિકમાં ખેતી વિષયક લેખો, તથા સમગ્ર રાજ્યમાં બનતી અવનવી ઘટનાઓ પ્રસિદ્ધ કરવા માટે સંપર્ક કરો

'બલરામ મંદિર પરિસર'
સે.૧૨/ડી, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૪૯૧૬

# તાજેતરમાં જ જાપાનના વડાપ્રધાન ગુજરાતના પ્રવાસે આવ્યા હતાજેનો મુખ્ય કાર્યક્રમ જાપાન સરકારના જ સહયોગથી અમદાવાદ થી મુંબઈ મેટ્રો રેલ પ્રોજેક્ટનું ખાત મુર્હુત કરવામાં હતું. આ જાપાન દેશ અનેક વિશેષતાઓ ધરાવે છે. જે નીચેના મુદ્દાઓ પરથી ફલિત થાય છે....

- જાપાનમાં દર વર્ષે લગભગ ૧૫૦૦ ભૂકંપ આવે છે. એટલે કે દરરોજના ચાર ભૂકંપ આવે છે.
- મુસ્લિમોને નાગરિક્તા ન આપનારો વિશ્વનો એક માત્ર દેશ જાપાન છે.
- જાપાનમાં મુસ્લિમોને ભાડે મકાન પણ નથી મળતા.
- જાપાનની કોઈપણ કોલેજમાં અરબી કે અન્ય કોઈ ઈસ્લામિક ભાષા શીખવવામાં આવતી નથી.
- શ્વાન પાળતો પ્રત્યેક જાપાની તેને ફરવા લઈ જતી વખતે પોતાની સાથે વિશેષ થેલી રાખે છે, જેમાં તે પોતાના શ્વાનું મળ ઉઠાવી લે છે.
- ૧૦ વર્ષની ઉંમર સુધી બાળકોની કોઈ જ પરીક્ષા લેવાતી નથી.
- જાપાનમાં બાળકો અને શિક્ષકો એક સાથે વર્ગખંડની સફાઈ કરે છે.
- જાપાનમાં ૧૦૦ થી વધઉ વર્ષની વયવાળા ૫૦ હજાર લોકો છે.
- જાપાન પાસે કોઈપણ પ્રકારનાં પ્રાકૃતિ સંસાધનો નથી. તેમ છતાં તે વિશ્વની બીજી સૌથી મોટી અર્થવ્યવસ્થા છે.
- જાપાનમાં સાક્ષરતા દર સૌથી વધુ ૧૦૦ ટકા છે.
- અહીંનાં સમાચાર પત્રોમાં અકસ્માત, રાજનીતિ, વાદ-વિવાદ, ફિલ્મ મસાલા વગેરે પર સમાચારો પ્રકાશિત થતા નથી.
- અહીંના સમાચાર પત્રોમાં આધુનિક જાણકારી અને જરૂરી સમાચારો જ પ્રકાશિત થાય છે.
- જે પુસ્તકો પ્રકાશિત થાય છે તેમાંથી ૨૦ ટકા કોમિક્સ હોય છે.

અહીં નવા વર્ષનું સ્વાગત મંદિરમાં ૧૦૮ ઘંટડી વગાડી કરાય છે.

- જાપાની લોકો સમયના ખૂબ જ ચોક્કસ હોય છે. અહીંની ટ્રેનો પણ વધુમાં વધુ ૧૮ સેકન્ડ જ મોડી પડે છે.
- અહીં દરેક રસ્તા પર વેન્ડીંગ મશીન જોવા મળે છે, જેમાં સિક્કા નાખવાથી નૂડલ્સ, શાકભાજી, ફળફળાદિ કોઈપણ ચીજવસ્તુ નીકળે છે. સમગ્ર જાપાનમાં લગભગ ૫૫ લાખ મશીનો છે.
- જાપાનમાં મોડી રાત સુધી નાચવા પર પ્રતિબંધ છે.
- જાપાનમાં એક એવી બિલ્ડીંગ છે - જેની વચ્ચેથી હાઈવે નીકળે છે.
- જાપાન ચારેય તરફ સમુદ્રથી ઘેરાયેલો હોવા છતાં ૨૭ ટકા માછલીઓ આયાત કરે છે.
- કાળી બિલાડીને જાપાનમાં શઉભ માનવામાં આવે છે.
- જાપાનમાં લોકો ન્હાતી વખતે પણ મોબાઈલનો ઉપયોગ કરતા હોય છે. માટે અહીંના ૯૦ ટકા મોબાઈલ વોટરપ્રૂફ છે.
- જાપાનમાં ૭૦ જાતની ફેન્ટા મળે છે.
- જાપનમાં મોટાભાગના રસ્તાઓનું કોઈ નામ જ નથી.
- જાપનમાં સૌરી કહેવાની ૨૦ થી વધુ રીતો પ્રચલિત છે.
- જાપાન વિશ્વનું સૌથી મોટુ ઓટોમોબાઈલ નિર્માતા છે.
- ૨૦૧૧માં જાપાનમાં જે ભૂકંપ આવ્યો હતો, તે ઈતિહાસનો સૌથી તીવ્ર ભૂકંપ હતો. આ ભૂકંપને કારણએ પૃથ્વીની ભ્રમણગતિમાં ૧૦૮ માઈક્રોસેકન્ડની વૃદ્ધિ થઈ હતી.
- જાપાાન વિશ્વનો એકમાત્ર દેશ છે, જેના પર પરમાણુ હુમલા થયા છે.
- જાપનમાં ઈસ્લામ ન હોવાને કારણે ત્યાં સ્લીપરસેલ નથી.
- શિક્ષાપ્રણાલી સમાન છે. ગરીબ અમીરને એકસમાન શિક્ષણ મળે છે.

## સાપ્તાહિક સુવિચાર

**કેટલા તણખલા એકઠા કરો ત્યારે માળો સર્જાય એકાદ પંખીડાને પૂછો તમને નહીં સમજાય...**

## દિવાળી વિશેષાંક અંગે

જે એજન્ટ મિત્રો અને કાર્યકર્તા મિત્રોએ જાહેરાત માટે સંપર્ક કર્યો હોય તેવા સૌ શુભેચ્છક મિત્રોને મળીને જાહેરાતો એકત્ર કરીને વિલંબથી પણ મોકલી શકાશે પાછળથી વિશેષ અંક પ્રસિદ્ધ થશે જેમાં સમાવેશ કરી શકીશું.

## કિસાન સંદેશના અંકો નિયમીત ન મળવા અંગે

**'કિસાન સંદેશ' સાપ્તાહિકના અંકો ક્યારેક નહીં મળવાની ફરીયાદો મળે છે તે અંગે સવિનય જણાવવાનું કે ગાંધીનગર કાર્યાલયથી દર સોમવારે તમામ ૩૪ જિલ્લા સહ અલગ પેપર કરીને કોમ્પ્યુટરાઈઝડ રીતે તમામ ગ્રાહકોની સ્લીપ બનાવીને ચોકસાઈ પૂર્ણ રીતે અંકોની રવાનગી કરવામાં આવે છે. જેથી કોઈ મુશ્કેલી પડે નહિં પરંતુ આપને અંક ન મળવાના સંજોગોમાં નીચેના ફોન પર સંપર્ક કરી ધ્યાન દોરવા વિનંતી છે. બીજા તરફ ઘણાં ગામોમાં ટપાલીની અનિયમીતતાઓ પણ ધ્યાન આવેલ છે. તમામ પોસ્ટમેનોએ દરરોજ કેટલી ટપાલ વિતરણ કરી તેનું રજીસ્ટર રાખી રોજ ગામમાંથી કોઈ એક વ્યક્તિની સહી પણ લેવાની હોય છે. તો આપણે તેની પુછપરછ કરીએ અને તેની નિયમીતતા માટે પણ પુછપરછ કરીએ. ફોન નં. ૦૭૯-૨૩૨ ૨૪૯૧૬, મો. ૯૯૦૯૦ ૦૦૨૧૪. આપ ગ્રાહકના સ્લીપ (રેપર) ઉપર આપનું લવાજમ પૂર્ણ થવાની છેલ્લી તારીખ છાપવામાં આવે છે. તે પહેલા નજીકના એજન્ટે રૂા.૨૦૦ના મનીઓર્ડર દ્વારા લવાજમ આગોતરૂ ભરી આપના અંકની નિયમીતતા કરવા પણ વિજ્ઞપ્તી સહ...**

# રાસાયણીક ખાતર અને જંતુનાશક ખેતી બંધ કરો

સજીવ ખેતી પ્રચારક ભરતભાઈ પરસાણાએ એક નિવેદનમાં જણાવ્યું છે કે, આજે વિદેશી કંપનીઓ ભારતમાંથી ૨૫૦૦૦ કરોડ રૂપિયાની જંતુમાંથી બનેલ (જીનેટીકલી મોડીફાઈડ) બીટી બિયારણ દ્વારા રોયલ્ટી લઈ જાય છે. આજે ભારતમાં રૂપિયા ૭,૮૦,૦૦૦ કરોડનું રાસાયણીક ખાતર આયાત થાય છે તો જો ગાય આધારિત સજીવ ખેતી અપનાવવામાં આવશે તો વિદેશી હુંડિયામણ બચી જશે અને આમ ખેડૂત ભાઈઓ અને દેશ સમૃદ્ધ બનશે. જ્યાં સુધી ગાય માતાનું મહત્વ નહીં સમજાય ત્યાં સુધી ભારતમાં રોજની હજારો ગાયોની હત્યા થશે તે બંધ નહીં થાય. આજે બજારમાં મળતી જંતુનાશક દવાઓની મૂળ કિંમત રૂા. ૫ હોય છે તે રૂા. ૧૦૦માં વેચાય છે. આજે દુનિયામાં ૩૦૦૦૦ જાતની જંતુનાશક દવાઓ ફરે છે. તેમાં કોઈ રોગ નાબુદ થઈ જવાની ખાતરી આપતા નથી. એન્ડો સલ્ફા, કલોરોપાયરી ફોર્સ, મોનોકોટોસ જેવી જંતુનાશક દવાઓથી મનુષ્યને કેન્સર, ડાયાબીટીસ, હાર્ટ એટેક જેવા રોગો થાય છે જે આપણા દેશમાં નહીં પરંતુ વિદેશના વૈજ્ઞાનિકો દ્વારા સ્વીકારવામાં આવેલ છે. આજે મનુષ્યના શરીરમાં ડીડીટી જેવા રસાયણો ઘુસી ગયા છે. આજે અમેરિકામાં રાસાયણીક ખાતરથી ૨૦ ટકા યુવાનો નપુશંક થઈ ગયા છે. કેનેડા અને ઈન્ડોનેશિયાએ તાત્કાલિક અસરથી રાસાયણિક ખાતર તથા જંતુનાશક દવાઓમાં પ્રતિબંધ લાદેલ છે.



*૭,૮૦,૦૦૦ કરોડનું રાસાયણીક ખાતર આયાત થાય છે : જંતુનાશક દવાઓથી રોગનાબૂદ થાય તેવી કોઈ ખાતરી આપતુ નથી :*

ભરતભાઈ પરસાણા જણાવી રહ્યા છે. અમારી ટીમ ડૉ. વલ્લભભાઈ કથીરીયા, મનસુખભાઈ સુવાગીયા, કાંતીભાઈ પટેલ, ગુજરાતભરમાં ફરીને ખેડૂતોને ગાય આધારીત સજીવ ખેતી તરફ વાળી રહ્યા છે. અમો ટીવી, રેડીયો, પત્રીકાઓ, કૃષિ મેળામાં સ્ટોલ તથા જાહેર ખબર દ્વારા પ્રચાર કરી રહ્યા છીએ. અમારી ટીમની પ્રેરણાથી રાજકોટ જીલ્લાના તાલુકો કોટડા સાંગાણી (ગામ રાજપરા) માં ખેતી કરતા માજી સૈનિક ખેડૂત પુત્ર ભાઈ સુરેશભાઈ વીરડીયાએ ૩૦ વિઘા જમીનમાં નીચે મુજબ ઉત્પાદન મેળવેલ છે.

ગાય આધારિત જીવામૃત ખાતર (ગાયના છાળ મુત્રમાંથી) મગફળી ૧ લીઘે ૨૨ મણ, ૩૦ વિઘા કુલ ૬૬૦ મણ ભાવ ૧૦૦૦ મણના ટોટલ રૂા. ૬,૬૦,૦૦૦, જીરૂ ૧ વિઘે ૧૧ મણ ૩૦ વિઘા કુલ ૩૩૦ ભાવ ૩૦૦૦ મણના કુલ ૯૯૦૦૦૦, દુધ ૨૫૦૦ લીટર ભાવ ૫૦ રૂા. ૧,૨૫,૦૦૦ કુલ રૂપિયા ૧૭,૭૫,૦૦૦.

માજી સૈનિક, ખેડૂત પુત્ર ભાઈ સુરેશભાઈ વીરડીયાએ ૧૦ વર્ષ સુધી ભારત માતાની કાશ્મીરમાં હીમશીલા વચ્ચે રહી અનેક ત્રાસવાદી સાથે મુઠભેડ કરેલ છે અને આજે ગાય માતા ધરતી માતાની સેવા કરે છે અને ગામે ગામ ફરી સજીવખેતી જીવામૃત્ત તરફ વાળવાની પ્રેરણા આપે છે. તેમના ખેતરમાં એક પણ રૂપિયાનો રાસાયણીક ખાતર કે જંતુનાશક દવાઓનો ખર્ત થયેલ નથી. આ મિશન ભારતભરમાં ગામડાઓમાં ચલાવી રહ્યા છે. જીવામૃત્ત ખાતરથી ગુજરાતભરના ગામડાઓમાંથી સંદેશ આવેલ છે કે આંબાના બાગમાં હાફુસ તથા કેશરમાં એક મહિનો વેલો મોર આવેલ છે. ઉપરોક્ત આંકડાકીય માહિતી સરકારી દસ્તાવેજો દ્વારા દર્શાવેલ છે. જીવામૃત્ત ખાતર (ગાય આધારીત સજીવ ખેતી) અંગેની વધુ વિગત માટે ભરતભાઈ ભુરાભાઈ પરસાણા ફોન : ૦૨૮૧-૨૩૬૮૫૫૫ ઉપર સંપર્ક કરવો.